જા. નં. ૬૨૧૮ તા.૧૮/૦૪/૨૦૨૪
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

પ્રતિ,
આચાર્ય, માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ, તમામ
-સંકુલના કન્વીનરશ્રીઓ, તમામ વડોદરા
-બી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી, તમામ વડોદરા
-યુ.આર.સી કો-ઓર્ડીનેટરશ્રી, તમામ વડોદરા શહેર

વિષય: **ગુજરાત STEM Quiz 3.0 ૨૦૨૪ ધો. ૯ થી ૧૨ વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાવા બાબત " तैयारी जीत की "-વિધાર્થીઓ માટે બે કરોડના પુરસ્કાર જીતવાની સુવર્ણ તક - રખે ચૂકતા**
સંદર્ભ: કમિશ્નર, શાળાઓની કચેરી, ગાંધીનગર, સંયુક્ત શિક્ષણ નિયામક માધ્યમિક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૪૦૦૮-૪૦૪૨ તા.03/૦૪/૨૪

સાદર નમસ્તે,
જય વિજ્ઞાન સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) ગુજરાત સરકાર, ગાંધીનગર મારફતે મળેલ સૂચના અન્વયે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, સુભાનપુરા, વડોદરા દ્વારા વડોદરા જિલ્લામાં ગુજરાત સ્ટેમ કવીજ-3.0 માં સમગ્ર રાજ્ય માંથી ધોરણ 9-12 ના વિધાથીઓ માટે રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે. દેશની સૌથી મોટી આ સ્ટેમ કવીજમા બે કરોડ ની માતબર રકમના પુરસ્કાર (ઈનામ) જીતવાની અમુલ્ય તક વિધાથીઓ માટે છે. વડોદરા જિલ્લાનું online ગુજરાત STEM Quiz 3.0 માં રજીસ્ટ્રેશન શરુ થઇ ગયેલ હોઈ, આપના જિલ્લા હસ્તકના તાલુકા વાઈઝ ૮000 (આઠ હજાર) વિધાર્થીઓના લક્ષાંક સાથે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વધુને વધુ વિધાર્થીઓને ભાગ લેવા આદેશ કરશોજી.

અગામી તા. ૩૦/૦૪/૨૦૨૪ ના સુધીમાં વડોદરા જીલ્લા કક્ષાની સ્પર્ધા માટે ઓનલાઇન માધ્યમથી Online link https://stemquiz.gujarat.gov.in/studentregistration/studentregistration પર રજીસ્ટ્રેશન શરુ થઇ ગયેલ છે. જેમાં ભાગ લેનાર તમામને ઈ સર્ટીફિકેટ મળશે. દરેક તાલુકામાંથી ટોપ ટેન વિધાથીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવશે. તેઓને ટેલિસ્કોપ, ટેબ્લેટ, ડ્રોન, ઈલેકટોનીક કીટ વિગેરે જેવા આકર્ષક ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. વડોદરા જિલ્લાના માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ વિધાર્થીઓને ખાસ આગ્રહ ભરી વિનતી છે કે આ લીંક મા આપની વિગત ભરીને મોકલી આપશો

વધુ માહિતી અને સ્પષ્ટતા માટે કૃપા કરીને અમારો સંપર્ક કરો : ⇩
શ્રી દિનેશ ગાંધી, કાર્યક્રમ સંયોજકશ્રી (મો) 98259 16874 (0265-3576910)
જલ્પા સુગંધી (મો) 9998987859 અથવા પાયલ જાની: 97257 01399 નો સંપર્ક સાધવા વિનંતિ.

સ્ટેમ કવીઝ 3.0 માટે તમામ વિધાર્થીઓને ખુબ ખુબ શુભેછાઓ સહ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
વડોદરા

નકલ રવાના જાણ અને અમલ સારું:
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વડોદરા
-શાસનાધિકારીશ્રી, વડોદરા શહેર.
-તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તમામ વડોદરા

**ક્રમાંક :** ધ/માધ્ય/પરચ/૨૦૨૪/ ૪૦૦૯ - ૪૦૪૨

કમિશનર,શાળાઓની કચેરી.
વિદ્યા સમીક્ષા કેંદ્ર સે-૧૯.
ગુ.રા.ગાંધીનગર.
**તારીખ:** ૩ **/04/2024.**

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**તમામ.**

**વિષય: "GUJARAT STEM QUIZ 3.0" PROGRAMME BY Gujarat Council on Science and Technology (GUJCOST).**
**સંદર્ભ: GUJCOST No. GUJCOST/STEM/2023-24/5265(B), Date. 18/03//2024**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના માનનીય અગ્ર સચિવશ્રીના વરદ હસ્તે ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના અવસર પર કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ વખતે આ ક્વિઝ તમામ રાજ્યોની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ હશે. જેથી તમામ રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

ભારતના તમામ રાજ્યના વિદ્યાર્થીઓ આ કવીઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. અને ચાલુ વર્ષ દરમિયાન આ કવીઝમાં રાજ્યની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

**૧. આ કવીઝની જીલ્લા સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.**
**૨. આ ક્વિઝમાં ભારત દેશના તમામ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી.**
**૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.**
**૪. આ પ્રતિયોગિતા અંતર્ગત વિદ્યાર્થીઓને ૨ કરોડ સુધીના ઈનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઈનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિદ્યાર્થીઓ નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બુટકેમ્પમાં ભાગ લઈ શકશે તેમજ સાયન્સ સિટી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.**
**૫. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. STEM Quiz ૩.૦ ના રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ છે.**

ઉપરોકત ક્વિઝમાં રાજ્યની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે દરેક શાળાએ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓનો આ સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરે તે માટેના જરૂરી પ્રયત્નો હાથ ધરવાના રહેશે. રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને પોતાના જીલ્લામાંથી વધુમાં વધુ બાળકો જોડાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :-

- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧